## ઈસુએ દેવના વચનોના ખુલાસા દ્વારા માણસોના હૃદયોને ઉલ્લાસિત કર્યા.

**પ્રાર્થના** હે પ્રભુ, પ્રાચિન પ્રબોધકોની ઈસુ વિષેની ભવિષ્યવાણીઓ દ્વારા જેમ એમૌસ જનારા શિષ્યોના હૃદયો ઉલ્લાસિત થયા તેમજ આ બાળકોના હૃદયો પણ હલાવી દો.

બાળકોની ઉંમર અને જરૂરિયાત અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**લુક ૨૪:૧૩-૩૫** અનુસાર હૃદયોને સળગાવનારી વાર્તા કોઈ મોટો બાળક અથવા સભાજન કહે અથવા વાંચી જાય.

ઈસુએ બે માણસોને, બાઈબલે તેના સંબંધી જે ભવિષ્યવચનો કહ્યાં હતાં તે જણાવ્યા. તેઓ એટલા તો ઉલ્લાસિત થયા કે જાણે તેમના હૃદય સળગવા મંડ્યા. દેવે પોતાના પ્રબોધકોને ભવિષ્યમાં શું થવાનું છે તે અગાઉ જણાવ્યું.



આ પ્રશ્નો પૂછો (જવાબ સાથે જ છે)

- જયારે બે માણસોએ ઈસુને પ્રથમ જોયા ત્યારે તેમણે ઈસુને ઓળખ્યા ? (ક.૧૬)
- એ બે માણસો કેમ ખૂબ ઉદાસ હતા ? (ક.૨૦ ઈસુના મરણને કારણે)
- ઈસુ વિષે એ બે માણસોએ શું કહ્યું ? (ક.૧૯-૨૩)
- તેમની ઉદાસી વિષે ઈસુએ શું કહ્યું ?(ક.૨૬)
- એ બે માણસોને ઈસુએ શું સમજાવ્યું ? (ક.૨૭)
- છેલ્લે ક્યારે તે માણસોએ ઈસુને ઓળખ્યા ?(ક.૩૦-૩૧)

એમ્મૌસ જતા શિષ્યોની વાર્તાનું નાટક તૈયાર કરો. લુ.૨૪:૧૩--૩૫.

- ભજનસેવાના આગેવાન પાસે આ સંક્ષિપ્ત નાટક કે તેના ભાગ રજુ કરવાનું ગોઠવો.
- તમારા શિક્ષણ સમય દરમ્યાન બાળકોને તૈયારી કરાવડાવો.
- મોટા છોકરાઓ નાના છોકરાઓને મદદ કરે.

- મોટા બાળકો કે સભાજનોમાંથી કોઈ ઈસુ,ગીત રચનાર(કુલ-૬) અને વર્ણન કરનારના પાત્રો ભજવે.
- વર્ણન કરનાર વાર્તાને સંક્ષિપ્ત કરે અને બાળકોએ શું કહેવું તે શીખવે. ગીત રચનાર ગી.શા.૨૨માંથી નાટકને અનુરૂપ કલમો મોઢે બોલે અથવા વાંચે.
- નાના છોકરાઓ કલીઓપાસ, સાથીદાર અને શિષ્યોના પાત્રો ભજવે.

**ઉદ્‌ઘોષક** : લુ.૨૪:૧૩-૨૭માંથી વાર્તાનો પ્રથમ ભાગ ટુંકાણમાં કહી જાય. પછી કહે, કલીઓપાસ શું કહે છે તે સાંભળો.

**કલીઓપાસ** : ચાલતા ચાલતા પોતાના સાથીદારને કહે, ઈસુ મરણ પામ્યો તેથી હું ખૂબ દુઃખી છું. દેવે તેને કેમ મરણ પામવા દીધો ?

**ઈસુ** : તમે ચાલતા ચાલતા શી વાતો કરો છો ? મિત્રો ?

**સાથીદાર** : 'ઈસુ મરણ પામ્યા છે. તે પરાક્રમી પ્રબોધક હતા અમે ધારતા હતા કે તે ઈસ્રાએલના રાજા બનશે પણ અમારા સત્તાવાળાઓએ તેમને મારી નાખ્યા છે. આજે કેટલીક સ્ત્રીઓએ કહ્યું છે કે તેઓ પાછા જીવતા થયા છે !'

**ઈસુ** : શું તમે સમજતા નથી ? તેણે દુઃખ સહન કરવાનું અને મરવાનું હતું ? પવિત્ર શાસ્ત્ર તેના વિષે શું કહે છે તે સાંભળો.

**ઉદ્‌ઘોષક** : ઈસુએ તેના જીવનકાર્ય સંબધીની ભવિષ્યવાણીઓ વચનમાંથી કહી બતાવી. તેઓના હૃદયો ઉત્સાહથી સળગવા લાગ્યા. ઈસુના મરણ અને વધસ્તંભ વિષે દાઉદે ગી.શા. ૨૨માં શું કહ્યું છે તે સાંભળો.

**ગીતશાસ્ત્ર-**

"મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?"
"જેઓ મને જુએ છે તેઓ બધા મારી હાંસી કરે છે
તેઓ મોં મરડીને અને ડોકુ ધુણાવીને કહે છે,"
"તું પોતાને યહોવાહના હાથમાં સોંપ,તે તેને છોડાવે
તે તેના પર રાજી છે માટે તે તેને બચાવે"
"ભૂંડ ાઓની ટોળીએ મને ઘેરી લીધો છે"
"તેઓએ મારા હાથ તથા મારા પગ વિંધી નાંખ્યા"
"હું મારા સર્વ હાડકાં ગણી શકું છું. તેઓ મને ધારીને જુએ છે."
"તેઓ માંહોમાહે મારા લુગડા વહેંચી લે છે"
"અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠિઓ નાખે છે."

**ઉદ્‌ઘોષક** : લુક૨૪:૨૮-૩૫ પ્રમાણે વાર્તાનો બીજો ભાગ સંક્ષિપ્તમાં કહે. પછી કહે, કલીઓપાસ શું કહે છે તે સાંભળો.

**કલીઓપાસ**: (ઈસુને કહે છે)-મિત્ર, ઘણું મોડું થઈ ગયું છે હવે આગળ ના જશો, અહીં અમારી સાથે રહો.

**ઈસુ** : હું રોટલી તોડું છું. પ્રભુ આ ખોરાકને માટે અમે આભાર માનીએ છીએ. (રોટલી તોડતા હોય તેવો દેખાવ કરે અને કલીઓપાસ તેમજ સાથીદારને આપે)

**કલીઓપાસ અને સાથીદાર** : 'એ તે જ છે, તે ઈસુ છે ! તેના શિષ્યોને કહો.'

**શિષ્યો** : હા તે સાચું છે અમે પણ તેને જોયો છે તે પાછો ઉઠ્યો છે.

**ઉદ્‌ઘોષક** : નાટકમાં સહાય કરનાર બધાનો આભાર.

**પ્રશ્નો** બાળકોએ જો સભાજનો સમક્ષ આ નાટક કર્યું હોય તો આગળ લખેલા પ્રશ્નો તેમને પૂછવા દો.

**પૂછો** જ્યારે આપણે ઈસુ અને તેના પુનરૂત્થાન વિષે સાંભળીએ છીએ ત્યારે આપણા હૃદયો આનંદથી ભરાઈ જાય છે તેના બીજા દાખલા ક્યા છે ? (બાળકોને બીજા દાખલા આપવા દો)

હૃદયમાં અગ્નિનું ચિત્ર **દોરો**. બાળકો આ ચિત્રો ભજનસભામાં બતાવે અને સમજાવે કે પ્રભુ ઈસુ આપણા હૃદયમાં આવો આનંદ ભરે છે કારણકે તે મરેલો નથી. તે જીવંત છે અને તેનો આત્મા આપણામાં સર્વકાળ માટે વસે છે.



હઝ.૩૬:૨૫-૨૬ **મુખપાઠ કરવી**(નાના બાળકો ફક્ત ૨૬મી કલમ કરે)

હું તમારા પર શુધ્ધપાણી છાંટીશ અને તમે શુધ્ધ થશો. હું તમને તમારી સર્વ મલીનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી શુધ્ધ કરીશ (ક.૨૫)

હું તમને નવું હૃદય આપીશ અને તમારામાં નવો આત્મા મૂકીશ.હું તમારામંથી પાષાણમય હૃદય દૂર કરીને તમને માંસનું હૃદય આપીશ. (ક.૨૬)

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, અમે તમારૂં પુનરૂત્થાન યાદ કરીએ છીએ ત્યારે અમારા હૃદયો આનંદથી સળગે છે. તમે મરેલા રહ્યાં નથી. તમે જીવતા છો ! તમે અમારામાં વસો છો અને અમને જીવન આપો છો. તમને અમારી આંખો વડે જોવા અને સદાકાળ તમારી સાથે રહેવા અમે ઝંખીએ છીએ. હે પ્રભુ ઈસુ, જલ્દી આવો.